પેટલાદ શહેરના કોલેજ ચોકડી અને સાંઈનાથ ચોકડી વિસ્તારની સોસાયટીઓમાં પાણી ભરાઈ જતાં લોકો ઘરોમાં કેદ થયા : ગ્રામ્ય વિસ્તાર પણ પાણી..પાણી...

પેટલાદમાં ૪૮ કલાકમાં ૧૨ ઈંચ મેઘથી જળબંબાકાર

મુખ્ય માર્ગોથી લઈને અંતરિયાળ સોસાયટીઓમાં ભરાયા પાણી

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૪

પેટલાદ શહેરમાં છેલ્લા 48 કલાકથી વરસી રહેલા અનરાધાર વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. શહેરમાં 48 કલાકમાં અંદાજે 12 ઈંચ જેટલો વરસાદ ખાબકતા મુખ્ય રાજમાર્ગો અને બજારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આશ્ચર્યની વાત એ છે કે, શહેરમાં સીઝનનો સરેરાશ 33 ઈંચ વરસાદ થાય છે, જેની સામે અત્યાર સુધી માત્ર 19 ઈંચ એટલે કે 51 ટકા વરસાદ થયો છે, છતાં વરસાદી પાણીના નિકાલની વર્ષો જૂની સમસ્યા ઠેરની ઠેર જોવા મળી રહી છે.

પેટલાદ શહેરના કોલેજ ચોકડી અને સાંઈનાથ ચોકડી વિસ્તારની સોસાયટીઓમાં પાણી ભરાઈ જતાં લોકો ઘરોમાં કેદ થયા છે. આ ઉપરાંત ગામતળના મલાવ ભાગોળ, ખંભાતી ભાગોળ, મિલ્લત નગર, ધોબીકુંડ, સ્વામીનારાયણ મંદિર રોડ અને સેવા સદન જેવા વિસ્તારોમાં પણ પાણી ભરાયા છે. માર્ગો પર ખાડા પડી જવાથી વાહનો ફસાઈ જવાના બનાવો પણ બન્યા છે.

પાણી ઓસરતા ન હોવાથી ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે, જેના કારણે નગરજનોમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

સાંઈનાથ રોડ

ઓવરબ્રિજ નીચેનો વિસ્તાર

રાણા સોસાયટી પાસે

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

દંતાલી તળાવ ઓવરફ્લો થતાં આણંદ તરફનો માર્ગ બંધ કરાયો

પેટલાદ પંથકમાં છેલ્લા ૪૮ કલાકમાં ૧૨ ઈંચથી વધુ વરસાદ ખાબકતા દંતાલી ગામનું તળાવ ઓવરફ્લો થયું છે. તળાવ છલકાવાને કારણે દંતાલીથી આણંદ તરફ જતો મુખ્ય માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. સિમરડા, ફાંગણી અને ભાટીયેલ જેવા આજુબાજુના ગામો પ્રભાવિત થતા જનજીવન પર અસર પડી છે. સલામતીના ભાગરૂપે હાલમાં દંતાલીને જોડતા તમામ માર્ગો સંપૂર્ણપણે બંધ કરી દેવાયા છે.

પેટલાદના ઓવરબ્રિજ બન્યા અડચણરૂપ

નગરજનોના મતે, હાઈ-વે પરનો કાર્યરત ઓવરબ્રિજ અને જેત્રાના વડ પાસેનો વર્ષોથી અધૂરો ઓવરબ્રિજ વરસાદી પાણીના ભરાવા માટે મુખ્ય કારણ છે. આ બ્રિજની આસપાસ દિવસો સુધી પાણી ભરાઈ રહેવાને કારણે સ્થાનિક વેપાર-રોજગાર પર માઠી અસર પડી રહી છે. તંત્ર દ્વારા આ સમસ્યાનો કાયમી ઉકેલ ન લાવવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મંત્રીએ પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી

પેટલાદમાં અંતરિયાળ વિસ્તારો વરસાદી પાણીથી પ્રભાવિત થયા હતા. જેની મુલાકાત આજરોજ રાજ્ય મંત્રી કમલેશ પટેલ, આણંદ જીલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરી, પાલિકાના ચીફ ઓફીસર કૃણાલ પટેલ, પ્રમુખ કોકીલાબેન તળપદા, ઉપપ્રમુખ મનીષ શાહ, કારોબારી અધ્યક્ષ જય પટેલ, શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પટેલ, કાઉન્સિલરોએ લીધી હતી. પ્રભાવિત વિવિધ વિસ્તારોમાં રૂબરૂ જઈને સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. વરસાદી પાણીના નિકાલની કામગીરી અંગે યોગ્ય સૂચનો આપવામાં આવ્યા હતા.

નડિયાદ રેલ્વે સ્ટેશન પર અટવાયેલા હજારો મુસાફરો માટે ભોજનની વ્યવસ્થા કરાઇ

નડિયાદમાં અતિશય વરસાદને કારણે ટ્રેનો રોકાતા અને રદ થતા હજારો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા, જેમની મદદ માટે રેલવે તંત્ર અને સાંસદ દેવુસિંહ ચૌહાણની કચેરી દ્વારા તાત્કાલિક સંકલન કરવામાં આવ્યું હતું. આ કપરી પરિસ્થિતિમાં 'શ્રી સંતરામ મંદિર, નડિયાદ' અને 'જય માનવ પરિવાર ટ્રસ્ટ' દ્વારા પ્લેટફોર્મ નંબર ૧, ૨ અને ૩ પર રોકાયેલા યાત્રિકો માટે ભોજનની નિઃસ્વાર્થ વ્યવસ્થા કરવામાં આવી હતી. હજારો યાત્રિકોને પૂરી-શાક અને ખીચડી-શાક પીરસીને ભારે વરસાદ વચ્ચે મોટી રાહત અને સગવડ પૂરી પાડવામાં આવી હતી. માનવતાભર્યા આ સેવાકાર્ય બદલ રેલવે તંત્ર અને મુસાફરોએ તમામ સહયોગી સંસ્થાઓ અને વ્યક્તિઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

માતર પંથકના ખેતરોમાં જળબંબાકાર

ખેતરો તળાવમાં ફેરવાતાં ધરુવાડિયા કોહવાઈ જવાની ભીતિથી ખેડૂતો ચિંતાતુર

(પ્રતિનિધિ) માતર તા.૨૪

માતર તાલુકામાં ગુરૂવારથી શરૂ થયેલા ભારે વરસાદને કારણે ખેતીના વિસ્તારોમાં વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. હજારો વીઘા જમીન પાણીમાં ગરકાવ થઈ જતાં એક તરફ વરસાદની ખુશી છે, તો બીજી તરફ પાકને નુકસાન જવાની ભીતિએ ખેડૂતોના જીવ અધ્ધર કરી દીધા છે.

માતર તાલુકાના વિવિધ ગામોમાં અનરાધાર વરસાદથી ખેતરો જાણે તળાવમાં ફેરવાઈ ગયા હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. ખેડૂતોએ ખેતરમાં ધરુ રોપેલા છે, પરંતુ વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થવાને કારણે આ ધરુવાડિયા કોહવાઈ જવાની શક્યતા છે. લાંબા સમયથી ભરાયેલા પાણીના કારણે ઊભા પાકને પણ ભારે નુકસાન થવાની ચિંતા સેવવામાં આવી રહી છે.

આ અંગે ખેડૂતોના જણાવ્યા મુજબ, દર વર્ષે ચોમાસામાં આ જ પરિસ્થિતિ ઉભી થાય છે. ખાનગી કંપનીઓ દ્વારા મનફાવે તેમ કરવામાં આવેલા પુરાણના કારણે પાણીના કુદરતી નિકાલના માર્ગો અવરોધાયા છે, જેના પરિણામે ખેતરોમાં પાણી ભરાઈ રહે છે. પાણીના કાયમી નિકાલ માટે તંત્રને વારંવાર રજૂઆતો કરવા છતાં આજ દિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. વહીવટી તંત્રની આ નિષ્ક્રિયતાને કારણે સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ અને રોષની લાગણી જોવા મળી રહી છે.

તસવીરઃ પ્રગ્નેશ ભાવસાર

પેટલાદમાં મકાન ધરાશાયી થતાં પાલિકાએ કાટમાળ હટાવી રસ્તો ખુલ્લો કર્યો

પેટલાદમાં બે દિવસથી વરસી રહેલા મૂશળધાર વરસાદને કારણે દેસાઈ શેરી સ્થિત એક ગોડાઉન ધરાશાયી થયું હતું. મકાન ધરાશાયી થતાં તેનો તમામ કાટમાળ મુખ્ય રસ્તા ઉપર આવી જતાં અવરજવરમાં મુશ્કેલી સર્જાઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ પાલિકા તંત્ર દ્વારા આજે જેસીબીની મદદથી માટી અને રોડા દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. તંત્રની આ કામગીરીને પગલે રસ્તો ફરીથી ખુલ્લો થતાં સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે.

કણજરીમાં ઘરોમાં પાણી ઘુસતાં ૮૬ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયું

કણજરી નગરપાલિકા વિસ્તારમાં આવેલા માલવણ તળાવ નજીકની ઈન્દીરા નગરી અને ૧૫૦૦ વાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. આ પરિસ્થિતિને ધ્યાને લઈ વહીવટી તંત્ર દ્વારા ત્વરિત કામગીરી હાથ ધરીને ૧૨ મકાનોમાં ફસાયેલા કુલ ૮૬ વ્યક્તિઓનું સુરક્ષિત સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ તમામ અસરગ્રસ્તોને મહાત્મા ગાંધી હાઇસ્કૂલ, કણજરી ખાતે આશ્રય આપી જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. વરસાદી પાણીના નિકાલ માટે પમ્પિંગ સ્ટેશન દ્વારા સતત પાણી ઉલેચવાની કામગીરી ચાલુ છે. વરસાદના કારણે ગોચા તળાવ નજીક કબ્રસ્તાનની એક જૂની દીવાલ ધરાશાયી થઈ છે, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. તંત્રએ નાગરિકોને સાવચેતી રાખવા અને બિનજરૂરી પાણી ભરાયેલા વિસ્તારોમાં ન જવા અપીલ કરી છે.

મહીસાગર નદીમાં પાણીની આવક વધી વણાકબોરી વિયર ઓવરફ્લો થતા એલર્ટ

મહીસાગર નદીના ઉપરવાસમાં થયેલા વરસાદને પગલે વણાકબોરી વિયર તેની નિર્ધારિત સપાટી વટાવીને ઓવરફ્લો થઈ રહ્યો છે. ૨૪મી જુલાઈ ૨૦૨૬ના રોજ બપોરે ૨:૦૦ કલાકે વિયર પરથી મહી નદીમાં ૪૨૩૭ ક્યુસેક પાણીનો પ્રવાહ પસાર થઈ રહ્યો હતો. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીને ધ્યાને લેતા નદીના જળસ્તરમાં હજુ પણ વધારો થવાની શક્યતા છે. આ પરિસ્થિતિને પગલે નડિયાદ ફ્લડ સેલ દ્વારા વણાકબોરી વિયરના નીચાણવાસમાં આવતા તમામ વિસ્તારોના રહીશોને સાવચેત રહેવા અને નદીના પટમાં ન જવા અથવા અવરજવર ન કરવા કડક સૂચના આપવામાં આવી છે. હાલમાં જળાશયની સપાટી ૬૭.૬૭ પર પહોંચી છે.

ખેડા તાલુકામાં બ્રિજ અને માર્ગોમાં ભ્રષ્ટાચારની પોલ ખુલી, તંત્રની બેદરકારી સામે સ્થાનિકોમાં રોષ

ખેડાના રસિકપુરા નજીક બ્રિજમાં ગાબડું, રઢુ ગામ પાસે રોડ બેસી ગયો

મામલતદારે સ્થળ નિરીક્ષણ કરી જૂનો બ્રિજ બંધ કરાવ્યો

(પ્રતિનિધિ) ખેડા તા.૨૪

ખેડા તાલુકાના રસિકપુરા અને રઢુ ગામ પાસે માળખાકીય સુવિધાઓમાં મોટી ખામીઓ સર્જાતા તંત્ર દોડતું થયું છે. સાબરમતી નદી પરના જૂના બ્રિજમાં ગાબડું પડવાને કારણે તેમજ રઢુ પાસે હમણાં જ ત્રણ મહિના પહેલા બનેલો રોડ બેસી જવાને લીધે વાહનવ્યવહાર પર અસર પડી છે. ખેડા મામલતદારે બંને સ્થળોની મુલાકાત લઈ તાત્કાલિક રિપેરિંગ અને સુરક્ષાના આદેશો આપ્યા છે.

રસિકપુરા પાસે સાબરમતીનો જૂનો બ્રિજ બંધ કરાયો

ખેડાના રસિકપુરા ગામ પાસે સાબરમતી નદીના કિનારે આવેલા જૂના બ્રિજ પર રોડમાં મોટું ગાબડું પડી ગયું હતું. તલાટી અને સરપંચ દ્વારા જાણ કરવામાં આવતા ખેડા મામલતદારે તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કર્યું હતું અને પોલીસને જાણ કરી બ્રિજ પર બેરીકેટ્સ મૂકી તેને વાહનવ્યવહાર માટે સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ આ બ્રિજ પર આવી જ સ્થિતિ સર્જાઈ હતી. આર એન્ડ બી વિભાગ દ્વારા વારંવાર રીપેરીંગ કરવા છતાં ફરી ગાબડું પડતા સ્થાનિકોમાં કામગીરી સામે સવાલ ઉઠ્યા છે.

રઢુ પાસે ત્રણ મહિના પહેલા બનેલો રોડ બેસી ગયો

બીજી તરફ, રઢુ ગામ પાસે ઓવરબ્રિજ ઉતરતા રોડનો એક મોટો ભાગ બેસી જવાની ઘટના સામે આવી છે. ગામના સરપંચના જણાવ્યા મુજબ, આ રોડનું કામ માત્ર ત્રણ મહિના પહેલા જ પૂર્ણ કરવામાં આવ્યું હતું. ટૂંકા ગાળામાં જ રોડ બેસી જતા કામની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. સરપંચની જાણ બાદ મામલતદારે સ્થળ પર આવી આર એન્ડ બી વિભાગને સત્વરે રિપેરિંગ કરવા સૂચના આપી છે. અત્યારે આ માર્ગ પર બે લેન બંધ કરી, માત્ર એક લેન પરથી સાવચેતીપૂર્વક અવરજવર શરૂ રાખવામાં આવી છે.

તારાપુરમાં પૂરની સ્થિતિ વચ્ચે ૩ સગર્ભા મહિલાઓનું સુરક્ષિત સ્થળે સફળ સ્થળાંતર

તારાપુર તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૪ મિમી (૮ ઈંચથી વધુ) વરસાદ ખાબકતા નદી કાંઠાના ચીતરવાડા અને નભોઈ ગામમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. આ સંજોગોમાં જે મહિલાઓની પ્રસુતિનો સમય ખૂબ જ નજીક હતો, તેવી ત્રણ સગર્ભા બહેનો– ગીતાબેન પ્રવીણભાઈ ભરવાડ, રીટાબેન રામદેવસિંહ પરમાર અને હિરલબેન મેલાભાઈ ભરવાડને વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. કલેક્ટર પ્રવીણ ચૌધરી અને જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતીના માર્ગદર્શન હેઠળ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની દેખરેખમાં ખડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર અને સ્ટાફ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. ભારે વરસાદને કારણે પ્રસુતિ સમયે કોઈ મુશ્કેલી ન સર્જાય તે હેતુથી આ આગોતરું અને સલામત સ્થળાંતર કરવામાં આવ્યું છે.

આણંદ - વિદ્યાનગર શહેરમાં ૧૫ જેટલા વૃક્ષોનો કચ્ચરઘાણ નિકળી ગયો

આણંદ - વિદ્યાનગરમાં બે દિવસના ભારે વરસાદના પગલે વૃક્ષો પડવાના બનાવો બન્યાં હતાં. આણંદ ફાયર બ્રિગેડ દ્વારા બે દિવસમાં 15 જેટલા વૃક્ષોનું કટીંગ કરવામાં આવ્યું હતું. વિદ્યાનગરના ધોળો કૂવો જોગણી માતાના મંદિર પાસે શુક્રવારે અચાનક ઝાડ પડવાની ઘટના બની હતી. આ અંગેનો કોલ મળતા જ વિદ્યાનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરની ટીમે ઝાડને કાપીને રસ્તા પરથી દૂર કરી વાહનવ્યવહાર માટે માર્ગ ખુલ્લો કરી આપ્યો હતો. રાહતની વાત એ છે કે આ સમગ્ર બનાવમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

મહેમદાવાદમાં ૨૮ કલાકમાં ૨૫ ઇંચ વરસાદથી હાહાકાર : નીચાણવાળા વિસ્તારોમાં ગળાડૂબ પાણી

મોદજમાં ૨૦ લાખનો કોમ્યુનિટી હોલ પત્તાના મહેલની જેમ ધરાશાયી થયો

આખા વર્ષનો વરસાદ એકસાથે ખાબકતા જનજીવન અસ્તવ્યસ્ત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

મહેમદાવાદ પંથકમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા માત્ર ૨૮ કલાકના ટૂંકા ગાળામાં ૬૧૯ મિલીમીટર એટલે કે ૨૫ ઈંચથી વધુ રેકોર્ડબ્રેક વરસાદ નોંધાયો છે. ૨૩મીના સવારથી ૨૪મીની સવાર સુધી પડેલા આ ધોધમાર વરસાદે સમગ્ર પંથકમાં ભયંકર તારાજી સર્જી છે. મહેમદાવાદની વાર્ષિક સરેરાશ ૭૮૨ મિલીમીટર છે, જેની સામે લગભગ આખા વર્ષનો વરસાદ એકસાથે પડી જતાં ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે.

મહેમદાવાદ શહેરના ઢાળ વિસ્તાર સહિતના નીચાણવાળા વિસ્તારોમાં ગટરો ચોકઅપ થવાને કારણે વરસાદી પાણીનો નિકાલ ન થતા અનેક દુકાનોમાં પાણી પ્રવેશી ગયા હતા, જેનાથી વેપારીઓને મોટું આર્થિક નુકસાન થયું છે. આ ઉપરાંત વહેરાઈ માતાના મંદિર અને આશુતોષ સોસાયટી-૨ જેવા વિસ્તારો પાણીમાં ગરકાવ થયા હતા. ભારે વરસાદને કારણે સોસાયટીમાં નીલકંઠભાઈ શાંતિલાલ પટેલના મકાન પાસે મોટો ભુવો પડતા સ્થાનિક રહીશોમાં ફાળ પડી છે.

આ ભારે વરસાદે સરકારી કામોમાં થતા ભ્રષ્ટાચારની પોલ પણ ખોલી નાખી છે. મોદજ ગામના રણ મુકેશ્વર મહાદેવ વિસ્તારમાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૫માં નાણાપંચના ભંડોળમાંથી ૨૦ લાખના ખર્ચે બનેલો કોમ્યુનિટી હોલ પ્રથમ મુશળધાર વરસાદમાં જ ધરાશાયી થઈ ગયો છે. માત્ર એકાદ વર્ષ પહેલા બનેલી ઈમારત તૂટી પડતા કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી અને હલકી ગુણવત્તાના કામ સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મહેમદાવાદમાં ગણતરીના કલાકોમાં ખાબકેલા વરસાદે ગરીબ પરિવારો અને વેપારીની ઘરવખરી તેમજ માલસામાનને વ્યાપક નુકસાન પહોંચાડ્યું છે. આથી, સરકાર પાસે એવી માંગ કરવામાં આવી છે કે નુકસાનનો સત્વરે સર્વે કરી વહેલી તકે યોગ્ય વળતર ચૂકવવામાં આવે.

આણંદમાં જળબંબાકાર વચ્ચે ફસાયેલા લકવાગ્રસ્ત દર્દી અને પરિવારનું દિલધડક રેસ્ક્યુ

કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં પડી રહેલા ભારે વરસાદ વચ્ચે તંત્રએ કર્તવ્યનિષ્ઠાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. શહેરના વોર્ડ નંબર 5 માં પાઘરિયા વિસ્તારની ગુરુકૃપા સોસાયટીમાં રહેતા પ્રીતમભાઈ વાઘેલાના ઘરમાં પાણી ભરાઈ જવાથી ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. પ્રીતમભાઈ લકવાગ્રસ્ત હોવાથી હલનચલન કરવામાં અસમર્થ હતા, જેના કારણે બે નાના બાળકો સાથે તેમનો પરિવાર મુશ્કેલીમાં મુકાયો હતો. પરિવારે મનપાના હેલ્પલાઇન નંબર પર મદદ માંગતા જ ફાયર બ્રિગેડની ટીમ ગણતરીની મિનિટોમાં સ્થળ પર પહોંચી ગઈ હતી. મુશળધાર વરસાદ વચ્ચે ટીમે દિલધડક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને લકવાગ્રસ્ત દર્દી અને બાળકો સહિતના પરિવારને હેમખેમ સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. આ કામગીરી બદલ મનપા કમિશનરે ટીમને બિરદાવી છે.

માતરમાં ભારે વરસાદ વચ્ચે મૈત્રી જયોત પરિવાર દ્વારા ફસાયેલા મુસાફરોની જલસેવા

ખેડાના માતરમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદને કારણે રસ્તાઓ પર અનેક મુસાફરો અને રાહદારીઓ ફસાઈ ગયા છે. આ કપરા સમયમાં માતર તાલુકાના વારુકાસ ચોકડી પર મૈત્રી જયોત પરિવારના સભ્યો સેવા માટે તત્પર રહ્યા હતા. સંસ્થા દ્વારા ફસાયેલા લોકો માટે જલસેવા અભિયાન ચલાવીને મુસાફરોને આશ્વાસન અને મદદ પૂરી પાડવામાં આવી હતી. મુશ્કેલ પરિસ્થિતિમાં નિઃસ્વાર્થ ભાવે સેવા કરીને મૈત્રી જયોત પરિવારે સમાજમાં માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.